ગ્રામ/ નગર પંચાયતના કર્મચારી/ સફાઈ
કામદારોને નિયમિત પગાર ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,
પરિપત્રક્રમાંક: નપમ-૧૦૯૩/૧૮૭૭-ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૮ /૭/૯૩,

**પરિપત્ર**

ગુજરાત પંચાયત અધિનિયમની કલમ -૨૦૪ ની જોગવાઈ અનુસાર સફાઈ કામદારો સહિત ગ્રામ તથા નગર પંચાયતોના કર્મચારીઓના પગાર ભથ્થા વગેરે જે તે ગ્રામ/ નગર પંચાયતએ તેના સ્વભંડોળમાંથી ચૂકવવાના રહે છે. આવી સ્પષ્ટ વૈધાનિક જોગવાઈ હોવા છતાં સરકારશ્રીના ધ્યાન પર એવા કિસ્સા આવેલ છે કે કેટલીક ગ્રામ/ નગર પંચાયતો તેમના કર્મચારીઓ તથા સફાઈ કામદારોને એક યા બીજા કારણોસર નિયમિત પગાર ભથ્થા ચૂકવવામાં વિલંબ કરે છે. એટલું જ નહીં પરંતુ ઉપર પ્રમાણેની કાયદાકીય જોગવાઈ હોવા છતાં કેટલી પંચાયતો આવા પગાર ભથ્થા માટે સરકાર તરફથી ગ્રાન્ટ મળે તેવો આગ્રહ રાખે છે જે ઉચિત નથી.

૨: આથી તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને તેમના તાબા હેઠળની તમામ ગ્રામ / નગર પંચાયતો તેમના કર્મચારીઓને નિયમિત પગાર ચૂકવે તે માટેની પધ્ધતિ સુનિશ્ચિત કરવા તથા તમામ કર્મચારીઓના પગાર ચૂકવવા માટે વિલંબ કરનાર પંચાયતો સામે કડક પગલાં ભરવા અનુરોધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રમણ આર્ય)
ઉપસચિવ,
પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,

પ્રતિ,
(૧) વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય,
ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૧ ગાંધીનગર.
(૨) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
(૩) પંચાયત વિભાગની સર્વે શાખાઓ.
(૪) સમાજકલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૫) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
(૬) સિલેક્ટ ફાઈલ.

ત૭/૭/૯૩/૧૨૮.